ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૩-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ગાંધીનગર સમાચાર શમણા સાકાર કરવા પ્રતિબદ્ધ છે

આજની પુણ્ય પ્રભાતે 'ગાંધીનગર સમાચાર' ત્રીસમા વર્ષમાં પ્રવેશ કરે છે. ઓગણત્રીસ વર્ષની સંઘર્ષયાત્રા સ્મરણયાત્રામાં પરિણમતી જાય છે. સર્જનાત્મક અને સકારાત્મક ભૂમિકા પર આરંભાયેલ પાટનગરની વાચા સમાન પ્રથમ દૈનિક આજે ત્રીજા દાયકાના અંતિમ વર્ષમાં પ્રવેશે છે ત્યારે સૌ વાચકો, વિતરકો, વિજ્ઞાપનદાતાઓ, પત્રકારમિત્રો, રાજય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ - પદાધિકારીઓ તથા સૌ શુભેચ્છકોને ભાવપૂર્વક પ્રણામ કરું છું.

'ગાંધીનગર સમાચાર' નાના અમથા સ્વપ્નના આધારે આકાર પામ્યું. કેટકેટલાય પડકારોએ પરિમિતિઓ રચી. સ્પર્ધાત્મક માહોલમાં પણ શ્રદ્ધાબળ અકબંધ અને અડીખમ રહ્યું એનું ગૌરવ આજે પણ અનુભવાય છે. મર્યાદાઓને માર્ગ બનાવી લક્ષ્ય સુધી પહોંચવા અવિરત પુરુષાર્થ પરિણામની નજીક પહોંચાડવા નિમિત્ત બન્યો છે. અને આજે જન્મદિવસે આત્મવિશ્વાસપૂર્વક એમ કહી શકાય કે 'ગાંધીનગર સમાચાર'ની આવતીકાલ વાચકોની અપેક્ષાને આકાર આપી એક અનોખી સામાજીક ભૂમિકા અદા કરશે. આ માત્ર વિચાર નથી - વિશ્વાસ છે. નગરના જનજીવનને વધુને વધુ લોકભોગ્ય બનાવવાની દિશામાં એક વધુ કદમ ભરવાની અમારી હોંશ છે. માહિતીપ્રદ અને રસપ્રદ અખબારનું સર્જન કરવા, એનું કલેવર બદલવા, એને લોકભોગ્ય બનાવવા તથા ગાંધીનગરના ઘરેઘરે 'ગાંધીનગર સમાચાર'નું સ્થાન સ્થાપિત કરવા આપના આશીર્વાદથી અમો અથાગ પુરુષાર્થ કરવા મક્કમ બન્યા છીએ. આવનારા દિવસોમાં આ નવનિર્માણનો ઉજાસ જનજીવનમાં પથરાશે એવી શ્રદ્ધા વ્યક્ત કરીએ છીએ.

બદલાતા સમયના પ્રવાહમાં સ્પર્ધાત્મક માહોલની વચ્ચે પણ સર્જનાત્મક પત્રકારત્વને ટકાવી રાખવાનો અમારો નમ્ર પ્રયાસ અવિરત રહેશે. પડકારો અનેક છે, પંથ લાંબો છે, લક્ષ સ્પષ્ટ છે, હૈયે વિશ્વાસ છે, ટીમ મજબૂત છે, વિચાર શુદ્ધ છે, આચાર સ્પષ્ટ છે, આશિષ ઈશ્વરના છે. એટલે સંકલ્પોને સાકાર કરવામાં કોઈ વિઘ્ન નહિ આવે એવો વિશ્વાસ છે. 'ગાંધીનગર સમાચાર'ને વાચકોનો પ્રેમ અપ્રતિમ પ્રાપ્ત થયો છે, આજ 'ગાંધીનગર સમાચાર'ની મૂડી છે. રોજે રોજ પ્રોત્સાહક પ્રતિસાદ સાથે આરંભાતી દૈનિક સમાચાર યાત્રાને વધુ ગતિ મળે છે. વધુ જોમ અને જુસ્સો મળે છે. અમારી વાચક નિષ્ઠા મજબૂત બને છે, અમારી ભૂલો વાચકો ઉદારતાથી માફ કરે છે, ક્ષમ્ય ગણે છે. કારણ કે, 'ગાંધીનગર સમાચાર' પોતાનું ગણે છે. ભૂલ સુધારવાનું સૂચન કરે, ટપારે, ધ્યાન રાખવાનું જણાવે. આ બધુ જ પારિવારિક માહોલને મજબૂત કરે છે. 'ગાંધીનગર સમાચાર'નો પરિવાર એટલે તેના હજારો વાચકો, સેંકડો વિજ્ઞાપન દાતાઓ, એજન્ટો, ખબરપત્રીઓ અને સ્ટાફ પરિવાર. એક મજબૂત વિચારની આસપાસ જીવન ઘડતર કરે છે. આખો પરિવાર માને છે સમાજની ઉજળી બાજુને ઉપસાવીએ અને નબળી બાજુને ફગાવીએ. સૌની નિષ્ઠા એક છે, ધ્યેય એક છે, માર્ગ એક છે, માહોલ એક છે અને એટલે જ 'ગાંધીનગર સમાચાર' ધીમી પણ મજબૂતાઈથી, મક્કમતાથી ગતિ કરે છે. આજની ત્રીસમી વર્ષગાંઠે સૌ પરિવારજનોને પ્રણામ પાઠવી મૂલ્ય નિષ્ઠ પત્રકારિત્વની રખેવાળી માટે શક્તિ અને દૃષ્ટિ પ્રગટતી રહે એવો આશીર્વાદની અભિલાષા વ્યક્ત કરીએ છીએ.

## શહેર કોંગ્રેસ આજે દાંડીકૂચ કરશે

ગાંધીનગર, તા.૧૧

૧૨મી માર્ચ દાંડી યાત્રા દિવસ ૧૯૩૦માં ગાંધીજીની આગેવાની હેઠળ દાંડીકૂચ કરવામાં આવી હતી. ગાંધીનગરમાં પણ આજે દાંડીયાત્રા નીકળશે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજ રોજ ગુરુવારે પ્રમુખ મુકેશ પટેલના વડપણ હેઠળ દાંડી યાત્રા યોજાશે. સવારે ૮-૦૦ વાગે સેકટર-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતેથી મહાત્મા મંદિર સેકટર-૧૪ ખાતે પહોંચશે. ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. દાંડીકૂચમાં શહેર અને જિલ્લાના તમામ કોંગ્રેસી આગેવાનોને જોડાવા જણાવાયું છે.


## બોર્ડના પરીક્ષાર્થીઓ માટે ડીસ્ટ્રેસ પ્રિવેન્શન હેલ્પલાઈન

ગાંધીનગર, તા. ૧૧

પાટનગરમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ સારૂ પરિણામ મેળવવા માટે સતત તણાવમાં હોય છે. પરિવારનું દબાણ અને સ્કૂલમાં સ્પર્ધા તેમની તકલીફ વધારે છે. અસહ્ય તણાવ ઘણીવાર વિદ્યાર્થીને પરીક્ષા ડ્રોપ કરવી, ઘર છોડીને જતા રહેવું અને આત્મહત્યાની કોશિશ તરફ મજબુર કરે છે. આવી ઘટનાઓ અટકાવવા માટે માનસિક આરોગ્ય વિભાગ, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ, ગાંધીનગર, 'ડીસ્ટ્રેસ પ્રિવેન્શન હેલ્પલાઈન' શરૂ કરી રહી છે, એમ માનસિક આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા એસોસિએટ પ્રોફેસર અને વડા ડૉ. ભાવેશ એમ. લાકડાવાલાએ જણાવ્યું હતું. આ હેલ્પલાઈન નં. ૯૯૭૯૭૨૭૭૩૧ અને ૭૦૪૮૮૬૫૪૪૮ છે.

પરીક્ષા અને પરિણામની સતત ચિંતા, વાંચવામાં ધ્યાન ના લાગવું, વાંચેલું ભૂલી જવું, ધબકારા વધી જવા, વધુ પડતો પરસેવો થવો, ફાળ પડવી, વધુ પડતો પેશાબ થવો, ઉંઘ ના આવવી, ભુખ ના લાગવી, મન ઉદાસ રહેવું અને ઘણીવાર પરીક્ષા ડ્રોપ કરવાના અને આત્મહત્યાના વિચારો આવવા વગેરે તણાવના ચિહ્નો ઉદાસ રહેવું અને ઘણીવાર પરીક્ષા ડ્રોપ કરવાના અને આત્મહત્યાના વિચારો આવવા વગેરે તણાવના ચિહ્નો છે. તણાવમાં ઘણીવાર વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે અને પુરૂ વર્ષ બગડે છે. આ માટે આત્મવિશ્વાસ જળવાઈ રહે એ અત્યંત જરૂરી છે અને માતા-પિતા એમાં ખુબ જ મદદરૂપ થઈ શકે છે.

આ હેલ્પલાઈન તારીખ ૧૨-૩-૨૦૧૫ થી પરીક્ષા પુરી થયા સુધી ૨૪ કલાક કાર્યરત રહેશે. હેલ્પલાઈન ઉપર વિદ્યાર્થીઓને માનસિક આરોગ્યના નિષ્ણાતો ડૉ. ભાવેશ લાકડાવાલા, ડૉ. માહેમુબીન લાહોરી, ડૉ. ચિરાગ પરમાર અને ડૉ. વિપુલ પ્રજાપતિ દ્વારા વિનામૂલ્યે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે અને જરૂર પડ્યે વિદ્યાર્થીને વ્યક્તિગત કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે. ડહેલ્પ લાઈન નંબર :- ૯૯૭૯૭ ૨૭૭૩૧, ૭૦૪૮૮ ૬૫૪૪૮




### ભારતના ઐતિહાસિક વારસો ચિત્રસ્પર્ધામાં ઝળક્યો

ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વિદ્યાર્થીનીઓના કૌશલ્ય વિકાસ માટે 'ભારતીય ઐતિહાસિક વારસો' વિષય આધારિત ચિત્રસ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૨૦ સ્પર્ધકોએ ભારતનો લાલ કિલ્લો, તાજમહલ, વિક્ટોરિયા મેમોરિયલ, લોટસ ટેમ્પલ જેવી અનેક ઐતિહાસિક ઈમારતોના અદ્‌ભૂત ચિત્રો દોર્યા હતા. આ ચિત્ર સ્પર્ધામાં ક્રમાનુસાર ઉન્નતિ પરમાર, પૂજા જોગલ, રશ્મિ પંડ્યા અને કાજલ પારેખ વિજેતા બન્યા હતા.

## નગરના રોકાણકારોએ ફરીથી ઈક્વીટી બજાર તરફ મીટ માંડી

### એનડીએ સરકાર રચાયા બાદ નવા ડીમેટ ખાતા ખુલવામાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો : મ્યુચ્યુઅલ ફંડની સીપની લોકપ્રિયતા પણ વધી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના રોકાણકારોમાં છેલ્લા કેટલાક સમયથી ઈક્વીટી માર્કેટ તરફનો ઝોક વધતો જોવા મળી રહ્યો છે. વર્ષ-૨૦૧૩-૧૪ની સરખામણીએ વર્ષ-૨૦૧૪-૧૫માં એનડીએની સરકારની રચના બાદ રોકાણકારો ઈક્વીટીમાં રોકાણ કરવા વધુ આકર્ષિત થઈ રહ્યા છે. ઈક્વીટી બજારમાં ગાંધીનગરના રોકાણકારો મ્યુચ્યઅલ ફંડ્સ તેમજ બજારમાં સીધા રોકાણને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેના કારણે નગરમાં ડીમેટ એકાઉન્ટ ધારકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

છેલ્લા નાણાંકીય વર્ષ કરતાં ચાલુ વર્ષે નવા ડીમેટ એકાઉન્ટ ખુલવાની સંખ્યામાં લગભગ ૧૫ થી ૨૦ ટકા સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત નગરના રોકાણકારો ઈક્વીટી મ્યુચ્યઅલ ફંડ્સમાં તેમનું રોકાણ વધારી રહ્યા છે. જે માટે સીપ દ્વારા માસિક રોકાણ કરવાની પદ્ધતિ સૌથી વધુ લોકપ્રિય સાબિત થઈ રહી છે. ગાંધીનગરમાં મુખ્યત્વે સેકટર-૧૧, સેકટર-૧૬ અને સેકટર-૨૧માં શેરબજારનો કારોબાર કરતા સબ બ્રોકર્સ કે કંપનીઓની ફ્રેન્ચાઈઝી ઓફિસો આવેલી છે. આ ઓફિસોમાં ગ્રાહકો ડીમેટ એકાઉન્ટ ખોલાવવા અને ત્યારબાદ રોકાણ કરવા મુલાકાત લઈ રહ્યા છે.

થોડાક સમય પહેલા જ્યારે અમેરિકામાં સબ પ્રાઈમ સંકટ સર્જાયુ હતુ ત્યારે વિશ્વભરના શેરબજારોમાં ભારે કડાકા નોંધાયા હતા અને ઘેરી મંદીનો માહોલ સર્જાયો હતો. આ સમયે રોકાણકારોએ ઈક્વીટી બજારમાંથી વિશ્વાસ ગુમાવી દીધો હતો. પરંતુ છેલ્લા બે-ત્રણ વર્ષથી આ સંકટની અસરો હળવી થતા અને ભારતમાં નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ પૂર્ણ બહુમતિ ધરાવતી સરકાર રચાતા ફરી એકવાર રોકાણકારો શેરબજાર તરફ વળ્યા છે. વધુમાં મોંઘવારી પણ નિયંત્રણમાં આવતા અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડના ભાવો નીચા આવતા વ્યાજના દરોમાં ઘટાડો નોંધઆયો છે. જેના કારણે પણ ઈક્વીટી તરફ રોકાણકારો આકર્ષાઈ રહ્યા છે. માસ્ટર શેર ફ્ન્ચાઈઝીના પ્રતિક પંડ્યા જણાવે છે કે જ્યારે વર્ષ ૨૦૦૯-૧૦માં દિવસનું ૫૦ હજારનું વોલ્યુમ કરવાના બ્રોકરોને ફાંફા હતા ત્યાં હાલ પાંચથી છ લાખના વોલ્યુમ નોંધાઈ રહ્યા છે. હવે ડીમેટ ખોલાવવા રોકાણકારો સામે ચાલીને આવતા થયા છે. અને નગરમાં વર્ષ-૨૦૧૫માં નવા ડીમેટ ખુલવાની સંખ્યામાં લગભગ ૨૦ થી ૨૫ ટકાનો વધારો દેખાઈ રહ્યો છે.

## ટોરેન્ટ પાવર દ્વારા કસ્ટમર પોર્ટલ લોન્ચ કરાયું

### કોમ્પ્યુટર કે મોબાઈલ દ્વારા વિવિધ સેવાઓ અને ફરિયાદોનું નિરાકરણ ઝડપી બનશે : નવા જોડાણની અરજી અને ઓનલાઈન બીલ પેમેન્ટ કરી શકાશે

ગાંધીનગર, તા. ૧૧

ટોરેન્ટ પાવર કંપની દ્વારા તાજેતરમાં તેના અમદાવાદ, ગાંધીનગર અને સુરતના ૨૨ લાખ ગ્રાહકો માટે વેબપોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ વેબ પોર્ટલ વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ કરાયું છે. જેનો ગ્રાહકો મોબાઈલ દ્વારા પણ આસાનીથી ઉપયોગ કરી શકશે. આ પોર્ટલ www.connecttorrentpower.com થી ઓપન કરી શકાશે.

ગ્રાહકોને વધુ ઝડપી અને સારી સર્વિસ આપવા અને તેમની ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા આ પોર્ટલ લોન્ચ કરાયું છે. આ પોર્ટલ દ્વારા નવા જોડાણ માટેની અરજી કરવી, નામ બદલવાની અરજી કરવી, ઓનલાઈન પેમેન્ટ કરવુ, નો પાવરની ફરિયાદ, બિલની ગણતરી અને વિશ્લેષણ, કસ્ટમર સેન્ટર, બિલ કનેકશન સેન્ટર, મોબાઈલ વાન લોકેટર, ઈ-બિલ અને એલર્ટ તેમજ વપરાશ ઘટાડવાના સૂચનો જેવી સુવિધા મળી શકશે.

## ગાંધીનગરની કલા સંસ્થા સંસ્કૃતિનો 'ગુડ મોર્નિંગ' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા સંસ્થાનું પ્રથમ વર્ષ પુરૂ થયા નિમિત્તે એક અતિ વિશિષ્ટ કાર્યક્રમ 'ગુડ મોર્નિંગ - ગોડ મોર્નિંક' શીર્ષક તળે આગામી ૧૫ માર્ચ રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાશે.

કાર્યક્રમ માત્ર ભક્તિ સંગીતનો નહીં, પરંતુ આધ્યાત્મિક યાત્રાનો છે. જીવનના રહસ્યોને સમજવા માટે સંગીત એક ઉત્તમ માધ્યમ છે એ માધ્યમ દ્વારા ઈશ્વરની નજીક પહોંચવાનો પ્રયત્ન આ કાર્યક્રમમાં કરાશે. આપણી દરેક સવાર ઈશ્વરમય હોય છે. તેમાં સંગીત અને પ્રાર્થના પણ હોય છે પણ એ બધુ બંધ આંખે થાય. જ્યારે આ કાર્યક્રમમાં એક સવાર ખુલ્લી આંખે ઈશ્વર સાથે બેસવાની વાત કરવામાં આવી છે. ગાંધીનગરમાં ભાગ્યે જ જોવા મળે તેવો આ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ અગાઉ અમદાવાદ, સુરત, વડોદરા અને ભાવનગર ખાતે ખૂબ જ લોકપ્રિય થયેલ છે અને ગાંધીનગર ખાતે પ્રથમવાર રજૂ થવા જઈ રહ્યો છે.

આ સુગમસંગીત, ગઝલ અને અન્ય પ્રકારના ગીતોના કાર્યક્રમમાં શ્રી શ્યામલ-સૌમિલ, આરતી મુનશી તથા દર્શના ગાંઠી-ઠક્કર પોતાના કંઠથી કામણ પાથરશે. 'ગીત' માં જે સંદેશો છે તે 'ગીતા'માં પણ હોઈ શકે. ગુજરાતના ઉત્તમ અને યુવા વકતા જય વસાવડા આ કાર્યક્રમનું સંચાલનઅને આ સંયોજન સમજાવવાની જવાબદારી પોતાના જ્ઞાનના સથવારે વહન કરવાના છે.

### કવીઝ સ્પર્ધા યોજાઈ

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય. દેશના કોઈ પણ ક્ષેત્રે ઉજળી કારકિર્દીમાં સફળ થાય તે માટે શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં કિવઝ કોમ્પિટીશન સ્પર્ધા યોજાઈ હતી.

ગાંધીનગર સેકટર-૨૩ સ્થિત આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં પ્રશ્ન સ્પર્ધા યોજવામાં આવી હતી. સત્યમ, શિવમ, સુન્દરમ્ ત્રણ ટીમ બનાવી સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં પ્રશ્નોત્તરી રાઉન્ડ, ફોટો ઓળખ અને બર્જર રાઉન્ડના અંતે શિવમ ટીમ પ્રથમ, સત્યમ ટીમ બીજા અને સુંદરમ્ ટીમ ત્રીજા સ્થાને રહી હતી. કિવઝ સ્પર્ધામાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

### અડાલજ શનિમંદિરે આજે શનિયજ્ઞ યોજાશે

ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજમાં આવેલ શનિદેવ મંદિરે અષ્ટમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે. અડાલજ સ્થિત શનિદેવ મંદિરે આજ રોજ ગુરુવારે શનિયજ્ઞ યોજાશે. સવારે ૮-૦૦ વાગ્યે યજ્ઞ શુભારંભ થશે ત્યારબાદ બપોરે ૪-૦૦ વાગ્યે પૂર્ણાહુતિ યોજાશે. મોટી સંખ્યામાં ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ધોરણ ૧૨ : વિજ્ઞાન પ્રવાહમાં આજે ભૌતિક વિજ્ઞાનનું પેપર

### ધોરણ ૧૦માં ગુજરાતી અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં આજે નામાના મૂળતત્વો

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ આવતીકાલથી થઈ રહ્યો છે. ત્યારે ધોરણ-૧૦માં ગુજરાતી પ્રથમ ભાષાનું પેપર લેવામાં આવશે, જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આવતીકાલે નામાના મૂળ તત્વો વિષયનું પેપર લેવામાં આવશે. આવતીકાલથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. તમામ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત સંપૂર્ણ રીતે સંપૂર્ણ રીતે સીસીટીવી અને ટેબલેટની બાજ નજર હેઠળ લેવામાં આવનાર આ પરીક્ષા માટે તંત્ર અને વિદ્યાર્થીઓ સજ્જ થઈ ગયા છે. આવતીકાલે ધોરણ-૧૦માં ગુજરાતી પ્રથમ ભાષાનું પેપર હોવાથી વિદ્યાર્થીઓ પ્રમાણમાં હળવાશ અનુભવી રહ્યા છે. જો કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ દિવસેજ ભૌતિક વિજ્ઞાન જેવું અઘરુ પેપર હોવાથી વિદ્યાર્થીઓ છેલ્લી ઘડીએ રિવીઝન કરવાના કામમાં લાગી ગયા છે.


આવતીકાલે ધોરણ-૧૨ સાનાન્ય પ્રવાહમાં પણ નામાના મુળ તત્વો વિષયની પરીક્ષા લેવામાં આવશે.આવતીકાલે પરીક્ષાનો પ્રથમ દિવસ હોવાથી વિદ્યાર્થીઓને પરીક્ષાના નિર્ધારીત સમય કરતાં અઢધો કલાક વહેલા પરીક્ષા સ્થળે આવવા માટે સુચના આપવામાં આવી છે જેથી પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં કોઈ હાલાકી કે હડબડીનો સામનો ન કરવો પડે. આ ઉપરાંત મોટાભાગના પરીક્ષા કેન્દ્રો ખાતે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી તેમજ ગોળથી મોઢું મીઠુ કરાવવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# મહાત્મા ગાંધીના વિચારોમાં સ્ત્રી-પુરુષ સમત્વ

ગતાંકે ગાંધીજીના જીવનમાં માતા દ્વારા આરોપાયેલા સામાજિકરણની કેવી અસર હતી તેની ચર્ચા લેખમાં કરી હતી. એક તરફ નજીકના દિવસોમાં જ માતૃભાષા દિવસની (૨૧ ફેબ્રુઆરી) અને અંગ્રેજી વ્યવ્હારમાં - વિચારમાં માર્શ- MARS અર્થાત ચાલુ મહિનાની ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસ અને તેની ઉજવણી પણ હમણાં જ વિતી. આ સમય તબક્કે બે ત્રણ જુદા છેડેથી ગાંધી વિચારો મન, બુધ્ધિ અને ચિત્તને ધક્કો મારી રહ્યા છે તેના આધારે આ લેખ પ્રસ્તુત છે.

મહાત્મા ગાંધીના વિચારો સમગ્ર દુનિયા માટે પથદર્શક છે. સ્વરાજની લડત સાથે ગાંધીએ ભારતીય સમાજના સદીઓ જુના સામાજિક વ્યવહારોની સ્ત્રી-પુરુષને એકસરખી પ્રાપ્તિ અર્થે પણ લડત ચલાવી હતી. સ્ત્રી-પુરુષ સમાનતામાં માનતા ગાંધીએ ઘરની ચાર દિવાલોમાંથી સ્ત્રીઓને બહાર લાવવાનું કામ પણ કર્યું હતું. મહિલા-પુરુષ સમકક્ષ થાય એવા વિચાર વ્યક્ત કરનાર મહાત્મા ગાંધી ઈ.સ. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા. ચાલુ વર્ષ-૨૦૧૫ને સ્વદેશાગમનની સદી તરીકે ઉજવવામાં આવી રહી છે ત્યારે તેમના વિચારોમાં જેન્ડર સમત્વની બાબતોની પ્રસ્તુત સંશોધન પેપરમાં ચર્ચા કરવામાં આવી છે. જેમાં સત્યના પ્રયોગો, ગાંધીજીનો અક્ષરદેહ, જયાં રહો ત્યાં મહેકતા રહો, અમે ભારતના લોકો લેખક-એન.એ. પાલખીવાલા પુસ્તકોનો સહારો લેવામાં આવ્યો છે.

દેશના સ્વાતંત્ર્યની સાથે તત્કાલીન સામાજિક સમસ્યાઓનું પણ નિર્મૂલન થાય એ આશયે ગાંધીજીએ સમૂળગી આઝાદી 'સ્વરાજ' લડત આરંભી હતી. જાણીતા ઈતિહાસકાર અને વિખ્યાત લેખક-ચિંતક ડો.આર્નલ્ડ ટોયન્બીએ જેમને માનવજાત માટે ઉગારનો 'એક માત્ર ભારતીય માર્ગ' માં જેમના વિચારને વિકલ્પરૂપ રજૂ કર્યા છે, તેવા મહાત્મા ગાંધીએ પોતાના જાહેર વક્તવ્યો અને લખાણોમાં સતત-અવિરત સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવાના વિચારોને જ પુનરાવર્તન દોષ વહોરીને પણ વાગોળ્યા છે. એટલું જ નહી જયારે જયારે કોઈ લખાણમાં એક શબ્દ પણ કોઈ મહીલાને આડકતરી પણ ઠેસ લાગ્યાનું જણાય તો એ શબ્દ પણ દૂર કર્યો છે. જેનું ઉદાહરણ છે હિંદ સ્વરાજની પુર્ન મુદ્રિત આવૃત્તિ. પુર્ન મુદ્રિત આવૃત્તિમાં માત્ર એક જ શબ્દમાં સુધારો થયો, વેશ્યા શબ્દનો.




મો.ક.ગાંધીએ જે પુસ્તકને પોતાની શ્રદ્ધાનું માપ દર્શાવ્યું છે તેવા હિંદ સ્વરાજમાં પરદેશમાં લડત સમયે સાથે રહેલા એક બ્રિટીશ સન્નારીને ગાંધીના લખાણમાં ઉલ્લેખાયેલા 'ઈંગ્લેન્ડ પાર્લામેન્ટ વેશ્યા અને વાંઝણી છે' એમાં વેશ્યા શબ્દ અજુગતો લાગ્યો ને તેમણે ગાંધી સમક્ષ આ શબ્દ પસંદગી સામે પોતાની નાપસંદ વ્યક્ત કરી. પોતાની વાતને સરળતાથી સમજાવવા માટે જ આ શબ્દ લખાયેલો હોવા છતાં એક મહિલાને જે બાબત અજુગતી લાગી એ તેમણે સુધારી લેવાની તકેદારી દાખવી હતી.

એક મહિલાને પોતાના લખાણનો એક માત્ર શબ્દ સહેવાયો નહી ત્યારે મારાથી ન રહેવાયું ત્યારે જ મે લખ્યું છે, -એવું કહેનાર ગાંધીએ સન્નારીના વાંધા વાળા શબ્દને નિસંકોચ શબ્દ દૂર કરી દીધો એ પ્રસંગ મહિલા સન્માન તેમનામાં કેટલું ઉચ્ચ કોટીનું હતું તે દર્શાવે છે.

સ્ત્રી-પુરુષના સંબંધો-દાંપત્ય સંબંધના સંદર્ભમાં ગાંધી ખુદ પોતાના પુત્ર મણિલાલને તેમના જીવનસાથી સુશીલાની પસંદગી કરી હોવાની જાણ કરતા પત્રમાં લખે છે 'મે સુશીલાને એમ પણ કહ્યું છે કે તમે અનીતિના રસ્તે જાઓ તો તે તમને રોકે અને ન રોકાઓ તો તમારો ત્યાગ કરે...(જયાં રહો ત્યાં મહેકતા રહો, લે-નીલમ પરીખ, નવજીવન પ્રકાશન મંદિર, વર્ષ-૨૦૧૧,પૃષ્ઠ-૮)

પોતાના પુત્રના વેવિશાળનું પાત્ર નક્કી કરતા સમયે પિતા ગાંધી લખાણમાં પાછો ઉમેરો કરતા કહે છે 'તમે તેને (સુશીલાને) ઢીંગલી બનાવશો કે સહચરી એ તો કેવળ તમારી ઉપર છે. જેમ રામ ત્યાં સીતા એમ પતિ-પત્ની સાથે જ રહે, ભોગને અર્થે નહી પણ સેવાને અર્થે એવો વિચાર વ્યક્ત કરતા પુત્રને અવ્યક્ત શિખ એવી આપે છે કે સ્ત્રી-પુરુષ વચ્ચે માત્ર વાસના ભોગ્ય દૈહિક સંબંધ નહી પરતુ મનના સંબંધ જરૂરી છે.

'સ્ત્રી કાંઈ રસોઈ કરવાને જ સર્જાયેલી નથી' - એમ સ્પષ્ટ કરતાં સામાજિક ઘટમાળમાં સ્ત્રી-પુરુષનું શ્રમવિભાજન એકબીજાની સમાનતામાં બાધક ન બનવું જોઈએ એમ કહે છે.

ગાંધી પરિવાર, એટલે કે ગાંધીજી અને કસ્તુરબા તથા તેમના ચાર પુત્રો અને ચાર પુત્રવધુઓ કયાં, ક્યારે અને કેટલો વખત સાથે રહ્યાં હશે તે તો તપાસનો વિષય થઈ પડે. પરંતુ ગાંધીજીએ તેમના પુત્રો અને પુત્રવધુઓને સતત પત્રવ્યવહારના માધ્યમ થકી સમાજશાસ્ત્રીય પરિભાષામાં જેને 'સામાજિકીકરણ' કહેવાય તે ચોક્કસ કરવાનો અણથક યત્ન કર્યો હતો.

પોતાના ત્રીજા નંબરના રામદાસને સલાહ મનોવિજ્ઞાનીની જેવી સૂઝબૂઝ સાથે લખેલા પત્રમાં તેની પત્ની સંદર્ભે કહે છે, 'નિમુને સાચવજે, તેનો સરદાર ન બનજે. નિમુ પ્રત્યે સખત ન બનતો. કસ્તુરબા તરફના પોતાના રુક્ષ વ્યવહાર દોષને સ્વીકાર કરતા કહે છે, 'જે રીતે હું બા તરફ વર્ત્યો તેમ તમે કોઈ તમારી પત્નીઓ તરફ ન વરતો એમ હું ઈચ્છું ખરો.

સંદર્ભ -

૧. ગાંધીજીનો અક્ષરદેહ (મહાત્મા ગાંધીના લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ)

વિવિધ ભાગો, નવજીવન પ્રકાશન મંદિર, વર્ષ - ૧૯૬૭

૨. જયાં રહો ત્યાં મહેકતા રહો પુત્ર અને પુત્રવધૂઓ પ્રતિ ગાંધી - લે; નીલમ પરીખ

નવજીવન પ્રકાશન મંદિર, વર્ષ - ૨૦૧૧

૩. અમે ભારતના લોકો લેખક - એન.એ. પાલખીવાલા નવજીવન પ્રકાશન મંદિર, વર્ષ ૧૯૮૭.

૪. સત્યના પ્રયોગો - મો.ક.ગાંધી.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)